# ભીમા કોરેગાંવ - ટૂંક પરિચય



### ★ 'ભીમા કોરેગાંવ' બનાવની ભૂમિકાઃ

ઇ.સ. 1818નું કોરેગાંવ યુદ્ધ દલિત સમુદાય માટે મહત્ત્વની વિરાસત છે. 1818ની 1લી જાન્યુઆરીએ બ્રિટીશ સેનાની આઠસો ટુકડીઓ- જેમાં મોટા ભાગે મહરાષ્ટ્રની મહાર જાતિના સૈનિકો સૌથી વધારે હતા- જે દલિત સમુદાયમાં આવે છે- તેમણે પેશ્વા બાજીરાવ બીજાના સૈન્ય ઉપર હુમલો કરીને હરાવ્યું હતું. યાદ રાખવું ઘટે કે પેશ્વાઓ બ્રાહ્મણ હતા અને મહારો કરતાં જ નહિ, સમગ્ર મહારાષ્ટ્રમાં પોતાને શ્રેષ્ઠ જ્ઞાતિ તરીકે ઓળખાવતા હતા. આ જીતની ખુશાલીમાં બ્રિટીશો(અંગ્રેજો) દ્વારા કોરેગાંવમાં એક વિજયસ્તંભ ખડો કરવામાં આવ્યો; જે શહીદ થયેલા તેમના મહાર સૈનિકોનું શહીદ-સ્મારક પણ કહેવાયો. આ મુદ્દે સૌ પ્રથમ ભારતના સંવિધાનના ઘડવૈયા અને દલિતોના મહાનાયક ડો. આંબેડકરે ઇ. 1928માં પહેલો શહીદ-દિન ઉજવીને સ્મરણાંજલિ આપી હતી, જેની ઉજવણી દર 1લી જાન્યુઆરીએ વરસોવરસ ત્યાં કરવામાં આવે છે. આંબેડકરવાદી દલિતો ત્યાં દરવર્ષે એકઠા મળે છે અને પોતાની જાતિ ઉપર દમન કરનારા પેશ્વાઓ ઉપર પોતે મેળવેલા વિજયની ઉજવણી કરે છે.

### ★ 2018ના જાન્યુઆરી માસની ઘટનાઃ

અહેવાલ મળે છે કે 'વિજય-દિવસ'થી પહેલાં, લગભગ 250 દલિતો અને બહુજનો 'એલ્ગાર પરિષદ'ના બેનર નીચે એકઠા મળ્યા હતા; અને પૂનાના શનિવારવાડામાં એક સભાનું આયોજન કરેલું; જે સ્થળ પેશ્વાઓનો 'રાજગઢ' કહેવાય છે. વક્તાઓમાં બે નિવૃત્ત ન્યાયાધીશો અને ગુજરાતની વિધાનસભાના એક સભ્ય અને યુવા દલિત નેતા જિજ્ઞેશ મેવાણીનો પણ સમાવેશ થયો હતો.

અહેવાલો મુજબ, 'એલ્ગાર પરિષદ'નું આ આયોજન મુંબઇ હાઇકોર્ટના ન્યાયાધીશ બી.જી. કોલ્સે પાટિલ અને નિવૃત્ત સુપ્રિમ કોર્ટ ન્યાયાધીશ પી.બી. સાવન્ત દ્વારા થયું હતું.

★ 2018ની 1લી જાન્યુઆરીએ, દર વર્ષની જેમ જ લાખ્ખો દલિતો ભીમા કોરેગાંવ ખાતે એકઠા મળ્યા હતા. સ્મારક-સમારંભ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયાના પુરાવા પણ રેકોર્ડ થયા છે; ગામના લોકોએ પણ સામાજિક એકતાપૂર્વક આ ઐતિહાસિક બનાવમાં ભાગ લીધો હતો. પણ આ વર્ષે બાજુના ગામમાં એક વિવાદ ઊભો થયો હતો કે મરાઠા રાજા સંભાજીના અંતિમ સંસ્કાર કોણે કરેલા?-મહારોએ કે મરાઠાઓએ? બસ, આ વિવાદથી તનાવ ઉત્પન્ન થયો અને ભીમા કોરેગાંવની પંચાયતે દુકાનો-બજારો બંધ કરાવીને 'બંધ'નો આદેશ આપી દીધો. બસ, ત્યારે જ રમખાણો ફાટી નીકળ્યાં.

એ વર્ષે આ રમખાણોમાં એક વ્યક્તિનું મોત થયં અને ડઝનથી વધારે લોકો ઘાયલ થયા; જેમાં માનવામાં આવ્યું કે ગામનાં જ્ઞાતિવાદી માથાભારે લોકોએ હિંસા ફેલાવી છે. 8મી જાન્યુઆરીએ નોંધાયેલા FIR જે કોઇ તુષાર દામગુડે નામની વ્યક્તિએ નોંધાવી છે તેમાં ફરિયાદ છે કે એલ્ગાર પરિષદની ચડવણીથી ઉશ્કેરણીજનક ભાષણો, ગીતો, નાટકો અને સૂત્રોને કારણે આ હિંસા ફાટી નીકળી હતી. આ વ્યક્તિ પૂનાના કાતરજ વિસ્તારની રહેવાસી છે.

★ માર્ચ-2018માં RSS દ્વારા પ્રોત્સાહિત વિચારમંચ- ફોરમ ફોર ઇન્ટ્રીગ્રેટેડ નેશનલ સિક્યોરિટી(FINS), જેમાં મોટે ભાગે નિવૃત્ત આર્મી અધિકારીઓ છે; તેમણે ભીમા કોરેગાંવના રમખાણોનો અહેવાલ રજૂ કર્યો. અહેવાલમાં મિલિન્દ એકબોટે અને સંભાજી ભીડે નામના હિન્દુ નેતાઓનાં નામ ગુમ કરી દેવામાં આવ્યા હતા, જેમની સીધી કોઇ સંડોવણીને નકારવામાં આવી હતી. એના બદલે માઓવાદીઓ ઉપર આક્ષેપ મૂકવામાં આવ્યો હતો કે તેમણે દલિતોની ચડવણી કરી હતી. એ રિપોર્ટમાં મહારાષ્ટ્ર પોલિસની દલિત નેતાઓ અને માઓવાદીઓ પ્રત્યેની 'સહાનુભૂતિ'ને વખોડી નાખીને જણાવ્યું હતું કે પોલિસે પુરાવાઓ તરફ આંખ આડા કાન કર્યાં છે.

8મી જૂન, 2018ના રોજ પૂનાની પોલિસે સુરેન્દ્ર ગાડલીંગ, સુધીર ઢવળે, રોના વિલ્સન, શોમા સેન અને મહેશ રાઉતની ધરપકડ કરી અને આરોપ મૂક્યો કે માઓવાદીઓ સાથે જોડાઇને તેમણે આ રમખાણો પેટાવ્યાં છે.

★ ઓગસ્ટ 2018માં, પાંચ કર્મશીલો જેમાં વરવર રાવ, અરૂણ ફરેરા, સુધા ભારદ્વાજ, ગૌતમ નવલખા અને થોડા સમય બાદ આનંદ તેલતુંબડેની પણ ભીમાકોરેગાંવ ઘટના ઉપરાંત માઓવાદીઓ સાથેના જોડાણ બદલ ધરપકડ કરવામાં આવી.

★ ૨૨મી જાન્યુઆરી-2020માં નવી ચૂંટાયેલી મહારાષ્ટ્ર સરકારે આખા કિસ્સામાં વધુ ઊંડા ઉતરવાનો આદેશ આપ્યો અને આખી તપાસ SIT સ્પેશલ ઇન્વેસ્ટીગેશન ટીમને સોંપવામાં આવ્યો.

26મી જાન્યુઆરી-2020 નેશનલ ઇન્વેસ્ટીગશન એજન્સી(NIA) જે કેન્દ્ર સરકારના ગૃહમંત્રાલયનો ભાગ છેય તેને આ કેસ ભારત સરકારને આપી દીધો. જેને કારણે અનિલ દેશમુખ જે મહારાષ્ટ્ર સરકારના ગૃહમંત્રી હતી તેમણે યુનિયન ગવર્નમેન્ટ ઉપર આક્ષેપ કર્યો કે રાજ્ય સરકારની અનુમતિ લીધા વગર જ આ નવી સોંપણી થઈ છે.

★ ઓક્ટોબર 2020માં NIAએ દસ હજાર પાનાં ભરીને એક આરોપનામું જારી કર્યું, જેમાં એ જ આક્ષેપ સાથે નવાં નામ ઉમેરાયાં; જેમાંના એક હતા ફા. સ્ટાન લુર્દસ્વામી. જેમને ભારત સરકાર ઉપર સશસ્ત્ર આતંકી દળો દ્વારા થનારા હમલાના કાવતરાખોરોમાંના એક જાહેર કરવામાં આવ્યા. એમની સાથે, પ્રતિબંધિત માઓવાદી સામ્યવાદી પક્ષને પણ સામેલ કરવામાં આવ્યો; જેને ‘આતંકવાદી પક્ષ’નો ઠપ્પો મળ્યો.

પૂના પોલિસ દ્વારા દાખલ કરવામાં આવેલી FIR માં બીજાં છ(6) નામ ઉમેરાયાં- દલિત કર્મશીલ સુધીલ ઢવળે અને ‘કબીર બલામંચ’નાં પાંચ કર્મશીલો.

NIAની FIR માં વળી 11(11) નામ ઉમેરાંયા; જો કે એમાં કોઇ ઉપર દેશદ્રોહ કે યુદ્ધ છેડવા વિશે કોઇ આરોપ નહોતો. જો કે પૂના સિટી પોલિસની FIRમાં ડિસેમ્બરમાં દાખલ કરવામાં આવેલી FIRમાં IPC (ઇન્ડિયન પિનલ કોડ)ની 121 અને 121A મુજબ દેશદ્રોહ અને સશસ્ત્ર હુમલાના કાવતરાનો સમાવેશ થયો હતો. UAPA, 124A, 17, 18B, 38, 40 જેવી કલમો હેઠળ એલ્ગાર પરિષદ ઘટના અને માઓવાદી સંગઠનો સાથે સંકળાયેલા હોવાનો આરોપ મૂકીને 23(તેવીસ) વ્યક્તિઓની ઘરપકડ કરવામાં આવી.

પણ તાજેતરમાં આખો કેસ હાથ ઉપર લેનાર NIAની FIRમાં પેલા 23માંના ફક્ત 11નાં નામ નોંધાયા છે જેમનાં ઉપર IPC ના ધારા 153A અંતર્ગત બે કે વધુ જૂથો વચ્ચે દુશ્મની જગાવવાનો, 50516- જેમાં લોકોને ભયભીત કરવાનો, 117 અંતર્ગત ટોળાં એકઠા કરવાનો, 34 અંતર્ગત એમાં સહાયક આપવાનો મૂકાયા છે. જેમાં એલ્ગાર પરિષદ દરમ્યાન ભારત સરકાર સામે યુદ્ધ છેડવાનો અને દેશદ્રોહના આરોપ મૂકાયા છે.

10,000(દસ હજાર) પાનાંના આ આરોપનામામાં NIA 8(આઠ) વ્યક્તિઓ જે એલ્ગાર પરિષદ સાથે સંકળાયેલા છે તેમનાં નામ જણાવે છે; જેમાંના 7(સાત) તો પ્રાધ્યાપકો, કર્મશીલો છે જેવા કે આનંદ તેલતુંબડે, ગૌતમ નવલખા, હેની બાબુ, કબીર કલામંચના ત્રણ કર્મશીલો, જ્યોતિ જગતાપ, સાગર ગોરખે, રમેશ ગાયચોર અને ફાધન સ્ટાન સ્વામી.

**સોલિડારીટી સ્ટેટમેન્ટ સહકારની ભાવના સાથેની પ્રતિજ્ઞા**

ચોફેરથી સહકાર અને સાથે / સોલિડારીટીના સંદેશાઓની સીમા નથી.

ભીમા કોરેગાંવ કેસના પુરાવા માટે ફાંફાં મારી રહેલી NIA હવે ચોખ્ખી દાદાગિરી ઉપર ઊતરી આવી છે. હવે જો અદાલતો યોગ્ય હસ્તક્ષેપ નહીં કરે તો આખો કેસ આ ધમકી અને આતંકની ગર્તામાં ધક્કેલાઇ જવાની શક્યતા છે.

હવે, આ તમામની મુક્તિની અપીલની પ્રક્રિયા જરૂરી છે. સ્વાસ્થ્યના કારણસર મુક્તિ, COVID-19ની મહામારીના કારણસર મુક્તિ માટે, ફા. સ્ટાન અને અન્ય તમામની મુક્તિ માટે આપણો અવાજ બુલંદ કરીએ એ જ પ્રતિજ્ઞા હો!

**(ફક્ત ખાનગી વર્તળોમાં વિતરણ માટે)**